# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## <u>અગત્યની જાહેરાત</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા, બિન સચિવાલય સેવાના કારકુન અને સચિવાલય સેવાના ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે તા.૧૨/૧૦/૨૦૧૮ના રોજની મૂળ જાહેરાત તથા તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજની સુધારા જાહેરાત ક્રમાંકઃ**૧૫૦/૨૦૧૮૧૯** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. જે MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી ભાગ-૧ રાજ્યના જીલાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર તા.૨૦/૧૦/૨૦૧૯ના રોજ યોજાનાર છે. જે અનુસાર તા.૦૧/૧૦/૨૦૧૯, બપોરે ૧૪-૦૦ ક્લાકથી તા,૨૦/૧૦/૨૦૧૯, સવારે ૧૨-૦૦ ક્લાક સુધીમાં કોલ લેટર ડાઉનલોડ કરી લેવાના રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

ઉમેદવારોએ પ્રથમ તબક્કાની MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના કોલ-લેટર તથા તે સાથેની જરૂરી સુચનાઓ સહિત **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઇટ પરથી અચૂક (**ON LINE**) ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

પ્રવેશપત્ર **"ON LINE"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) **"https: // ojas.gujarat.gov.in"** વેબસાઇટ પર જવું. (૨) MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના ઉમેદવારોએ **"Call Letter"** પર **"Click"** કરવું. (૩) ત્યાર બાદ **"Primary Exam Call Letter"** પર **"Click" કરીને Select job** ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત **Select** કરીને નિયત બોકસમાં **"Confirmation Number"** તથા **"Birth Date"** ટાઇપ કરીને **Print Call Letter** પર **Click** કરવાથી અલગ Window માં આપનો **Call letter** (પ્રવેશપત્ર ) સ્ક્રીન પર દેખાશે. જે **Call Letter** તથા તે સાથેની સુચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે(કોલલેટરની વિન્ડો ખોલવા માટે POPUP Blocker off કરવું જરૂરી છે)

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સુચનાઓની વિગતો કે જે સ્પર્ધાત્મક લેખિત કસોટી સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય, તો તે માટે કચેરી સમય દરમ્યાન ફોન નંબર-**૦૭૯-૨૩૨૫૩૬૨૭** પર સંપર્ક કરી શકાશે.

**સ્થળઃ ગાંધીનગર**

**તારીખ:૩૦/૦૯/૨૦૧૯**

**સચિવ**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

**ગાંધીનગર**